

ચીનની રાજધાની બીજિંગના પિંગગુ ડિસ્ટ્રિક્ટમાં 19 જૂન, 2026ના રોજ 'બીજિંગ વર્લ્ડ રેપ્ટાઈલ્સ એક્સ્પો 2026'નો ભવ્ય પ્રારંભ થયો છે. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો મુલાકાત લઈ રહ્યા છે, જેમાં એક બાળક પણ સરીસૃપોને જોવા પહોંચ્યું હતું. આ ઈવેન્ટ દરમિયાન એક પ્રદર્શનકર્તાએ મુલાકાતીઓ માટે ખાસ 'બિયર્ડેડ ડ્રેગન' નામની ગરોળી પ્રદર્શિત કરી હતી. એક્સ્પોમાં આવેલા લોકો આ અદભુત અને દુર્લભ જીવોને જોઈને રોમાંચિત થઈ રહ્યા છે અને એક મહિલા આ સરીસૃપોના ખાસ ફોટા પોતાના કેમેરામાં કેદ કરતી જોવા મળી હતી.

પેજ3

## પુષ્પા-2 નાસભાગ કેસ: અલ્લુ અર્જુનને કોર્ટમાં હાજર થવા સમન

હૈદરાબાદ, તા. 19: હૈદરાબાદની નમપલ્લી કોર્ટે તેલુગુ ફિલ્મ સ્ટાર અલ્લુ અર્જુનને અદાલતમાં વ્યક્તિગત રીતે હાજર થવા માટે સમન જાહેર કર્યું છે. આ કાનૂની કાર્યવાહી ડિસેમ્બર 2024માં તેની ફિલ્મ 'પુષ્પા 2: ધ રૂલ'ના સ્પેશિયલ શો દરમિયાન થયેલી નાસભાગ સાથે જોડાયેલી છે, જેમાં રેવતી નામનાં એક મહિલાનું મોત થયું હતું અને તેમનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં કુલ 23 લોકોને નામજદ કરવામાં આવ્યા છે, જેમાં સંધ્યા થિયેટરના મેનેજમેન્ટને આરોપી નંબર 1થી 10 બનાવવામાં આવ્યા છે, જ્યારે અલ્લુ અર્જુનને આરોપી નંબર 11 તરીકે લિસ્ટ કરાયો છે. કોર્ટે ભીડ વ્યવસ્થાપનમાં બેદરકારીના આ કેસની સુનાવણી માટે અભિનેતા સહિત 19 આરોપીઓને 22 જૂનના રોજ રૂબરૂ હાજર થવાનો આદેશ આપ્યો છે.

## આમિર ખાનનું પ્રોડક્શન હાઉસ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પર બનાવશે ડોક્યુમેન્ટ્રી



મુંબઈ, તા. 19: આમિર ખાન પ્રોડક્શન હાઉસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના જીવન અને તેમની સફર પર આધારિત એક ખાસ નવી ડોક્યુમેન્ટ્રીની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર, ફિલ્મમેકર અને રાઇટર સ્વાતિ ચક્રવર્તી આ પ્રોજેક્ટને ડાયરેક્ટ કરશે, જેમણે અગાઉ 2019માં આમિર ખાન અને કિરણ રાવ દ્વારા પ્રોડ્યુસ કરાયેલી ડોક્યુમેન્ટ્રી 'રૂબરૂ રોશની' નું નિર્દેશન પણ કર્યું હતું. આ ડોક્યુમેન્ટ્રીમાં દર્શાવવામાં આવશે કે કેવી રીતે ઓડિશાના એક નાનકડા ગામમાંથી આવીને તેઓ ભારતના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બન્યા. તેમાં તેમના અંગત કિસ્સાઓ, જીવનના પડકારો, જાહેર સેવા અને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવાના ખાસ પળોને નજીકથી બતાવવામાં આવશે. આ ફિલ્મ માટે મુર્મૂના ગામમાં શૂટિંગ શરૂ થઈ ગયું છે અને સ્થાનિક કલાકારોને પણ કાસ્ટ કરવામાં આવ્યા છે.

# 'મેલોનીએ ફોટો માટે આજીજી કરી': ટ્રમ્પના દાવા પર ઇટાલી સરકાર લાલચોળ

**ટ્રમ્પે** એક અખબારી મુલાકાતમાં દાવો કર્યો કે જ્યોર્જિયા મેલોનીએ જી-૭માં તેમની સાથે ફોટો પડાવવા કાલાવાલા કર્યા હતા

**ઇટાલીયન** સરકારે આ દાવાને ફગાવીને ટ્રમ્પની ટીકા કરી, ખુદ મેલોનીએ ટ્રમ્પનો દાવો ફગાવીને કડક શબ્દોમાં તેમના પર પ્રહારો કર્યા

**ઇટાલીના** વિદેશ મંત્રીએ પોતાની અમેરિકાની આયોજીત મુલાકાત રદ કરી નાખી



રોમ, તા. ૧૯: તાજેતરની G7 સમિટ દરમિયાન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તેમની સાથે ફોટો પડાવવા માટે આજીજી કરી હતી તેવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવા પછી ભારે વિવાદ ઉભો થઈ ગયો હતો. આ દાવા પર શુક્રવારે ઈટાલિયન સરકારે આકરા પ્રહારો કર્યા હતા અને ખુદ મેલોનીએ આ ટ્રમ્પના આ દાવાને ફગાવીને તેમના પર આકરા પ્રહારો કર્યા હતા જ્યારે ઈટાલીના વિદેશ મંત્રીએ તેમની અમેરિકાની મુલાકાત રદ કરી દીધી હતી. ઈટાલીના વિદેશ પ્રધાન એન્ટોનિયો તાજાનીએ આ સપ્તાહના અંતમાં અમેરિકાની તેમની અગાઉથી નક્કી થયેલી મુલાકાત અચાનક રદ કરી દીધી હતી, અને ટ્રમ્પના દાવાઓને મેલોની અને સમગ્ર ઈટાલી પ્રત્યે ગંભીર અને અપમાનજનક ગણાવ્યા હતા. બીજી તરફ, મેલોનીએ એક વીડિયો પોસ્ટ કરીને ટ્રમ્પના દાવાઓને સંપૂર્ણપણે ઉપજાવી કાઢેલા ગણાવ્યા હતા, જેનો તેમણે આ શબ્દો સાથે અંત કર્યો હતો: ઈટાલી અને હું ક્યારેય કરગરતા નથી. ટ્રમ્પે આ ટિપ્પણીઓ શુક્રવારે સવારે લા7 (La7) નેટવર્ક પર પ્રસારિત એક ઈન્ટરવ્યુમાં કરી હતી. લા7 ના સંવાદદાતાએ ટ્રમ્પને યુક્રેન વિશે પૂછ્યું હતું, પરંતુ ટ્રમ્પે મેલોનીનો મુદ્દો ઉઠાવ્યો અને વાતચીત ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં હમણાં જ પૂરી થયેલી G7 બેઠક દરમિયાન તેમની મુલાકાત તરફ વળી ગઈ, જે વીડિયોમાં કેદ થઈ હતી.

# ટેલિગ્રામ એપ પર હંગામી પ્રતિબંધનું સરકારનું પગલું હાઈકોર્ટે માન્ય રાખ્યું

**આ મેસેજીંગ** એપ કોઇ પણ સામગ્રીના સ્વચાલિત પ્રસારણને સરળ બનાવી શકે છે તેથી સરકારનું પગલું વધારે પડતું નથી

**આ એપનો** ઉપયોગ કરીને પરીક્ષા સંબંધિત ખોટી માહિતીઓ ફેલાવી શકાય તેવો ભય હતો

નવી દિલ્હી, તા. ૧૯(પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે ૨૧ જૂનના રોજ યોજાનારી મહત્વની NEET-UG પુનઃપરીક્ષા પહેલાં ટેલિગ્રામ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવાના સરકારના નિર્ણયને માન્ય રાખ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે આ પગલું અપ્રમાણસર (વધારે પડતું) નહોતું કારણ કે આ મેસેજિંગ એપ મોટા પાયે સામગ્રીના સ્વચાલિત પ્રસારણને સરળ બનાવી શકે છે.

હાઈકોર્ટે તેના ૩૯ પાનાના ચુકાદામાં, ૨૧ જૂને નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ) એટલે કે NEET-UG ની નિષ્પક્ષ પુનઃપરીક્ષા સુનિશ્ચિત કરવા માટે માહિતી ટેકનોલોજી એક્ટ (IT Act) ની કલમ ૬૯A હેઠળ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY)ના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. જસ્ટિસ તેજસ કારિયાની વેકેશન બેન્ચે બે પ્રશ્નો પર વિચારણા કરી હતી: શું આ વિવાદાસ્પદ આદેશ વિચારશૂન્યતાથી દૂષિત હતો અને શું ટેલિગ્રામ પ્લેટફોર્મને અસ્થાયી રૂપે બ્લોક કરવાનો નિર્ણય પ્રમાણસરતાની જરૂરિયાતને સંતોષે છે કે નહીં. આ પ્રશ્નોના જવાબ આપતાં બેન્ચે જણાવ્યું કે, સામા પક્ષ (કેન્દ્ર સરકાર) દ્વારા આદેશો હેઠળ અપનાવવામાં આવેલા પગલાં નિર્ધારિત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે સૌથી ઓછા પ્રતિબંધિત પગલાં સમાન છે. UAE સ્થિત આ મેસેજિંગ એપની અરજીને ફગાવી દેતાં ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, એ જ પ્રમાણે, ટેલિગ્રામ પર જનતાના પ્રવેશને અસ્થાયી રૂપે બ્લોક કરવાના કેન્દ્ર સરકારના પગલાને અપ્રમાણસર ગણી શકાય નહીં. બેન્ચે આઈટી એક્ટની કલમ ૬૯Aનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે સરકાર કોઈપણ ઓનલાઈન માહિતી સુધી જનતાની પહોંચને રોકવા માટે સત્તા ધરાવે છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાની રજૂઆતોને ધ્યાનમાં લેતા ચુકાદામાં જણાવાયું છે કે ટેલિગ્રામ પર પરીક્ષા સંબંધિત ખોટી માહિતી અને કથિત ટેસ્ટ પેપરોના પ્રસારણથી ઉદ્ભવતા જ્ઞાતવ્ય ગુનાઓને રોકવા અને જાહેર વ્યવસ્થા પર પડનારી સંભવિત ગંભીર અસરોને પહોંચી વળવા માટે આ અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# બળવા વચ્ચે ઉદ્ધવ ઠાકરેએ પદ છોડવાની ઓફર કરી

**તમે** કોઈપણ સામાન્ય કાર્યકરને પક્ષ પ્રમુખ બનાવી શકો છો: ઉદ્ધવ

**આ** તો માત્ર ટ્રેલર છે, પિક્ચર હજી બાકી છે: એકનાથ શિંદે

મુંબઈ, તા. 19: શિવસેના (UBT) માં ચાલી રહેલા ભારે બળવા વચ્ચે, પક્ષ પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે જાહેરાત કરી કે જો કાર્યકરોને તેમના નેતૃત્વ પર ભરોસો ન હોય તો તેઓ પદ છોડવા તૈયાર છે અને કોઈપણ સામાન્ય કાર્યકરને પક્ષ પ્રમુખ બનાવી શકે છે. શિવસેના સ્થાપના દિવસ પર કાર્યકરોને સંબોધતા તેમણે કહ્યું કે તેઓ પક્ષની વિચારધારા માટે લડત ચાલુ રાખશે. તાજેતરમાં જ ઉદ્ધવ સેનાના 9માંથી 6 લોકસભા સાંસદોએ બળવો કરીને સંસદીય પક્ષની બેઠક ટાળી હતી, જે બદલ ઉદ્ધવે મતદારોની માફી માગી હતી. તેમણે કોંગ્રેસ સાથેના જોડાણનો બચાવ કરતા પક્ષના વિલયની વાતોને નકારી કાઢી અને કહ્યું કે કોંગ્રેસ, ભાજપના હિન્દુત્વ કરતાં વધુ સારી છે.

બીજી બાજુ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ વળતો પ્રહાર કરતા ઉદ્ધવ પર કોંગ્રેસ અને એનસીપીના ખોળામાં બેસીને બાળાસાહેબ ઠાકરેની વિચારધારા સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો હતો. શિંદેએ કહ્યું કે, 'આ તો માત્ર ટ્રેલર છે, પિક્ચર હજી બાકી છે.'

# NEET ફેરકસોટી પહેલા આજે દેશભરમાં મોકડ્રીલ

**આ** કવાયત સવારે ૯ વાગ્યે શરૂ થઇને મોડી સાંજ સુધી ચાલશે, અઢી લાખથી વધુ સુરક્ષા કર્મચારીઓ ભાગ લેશે

**પરીક્ષાનું** પ્રશ્નપત્ર ફરતું થયું હોવાનો દાવો કરતો ફરતો થયેલો વીડિયો બનાવટી હોવાનો NTAનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૧૯: નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા NEET-UG 2026ની પુનઃપરીક્ષા સુચારૂ અને સુરક્ષિત રીતે યોજાય તે માટેની તૈયારીઓના ભાગરૂપે શનિવારે દેશભરમાં એક 'મોક ડ્રિલ' હાથ ધરવામાં આવશે. આ મોક ડ્રિલ સવારે 9 વાગ્યે શરૂ થશે અને મોડી સાંજ સુધી ચાલશે. આ કવાયતમાં દેશભરમાંથી 2.5 લાખથી વધુ સુરક્ષા કર્મચારીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. તમામ પરીક્ષા કેન્દ્રો અગાઉથી જ નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સોંપી દેવામાં આવ્યા છે.






# ફૂટપાથ પર ચાલવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે: સુપ્રીમ

**રસ્તાઓ** પર નિર્ધારિત ફૂટપાથ પર ચાલવાના અધિકારને વાહનો સામે પ્રાથમિક્તા મળશે

**રસ્તો** અસ્તિત્વમાં હોય ત્યાં ફૂટપાથ ઉપલબ્ધ કરાવવાની સત્તાવાળાઓની ફરજ છે

### પૈંડા શોધાયા તે પહેલાથી માણસ ચાલતો આવ્યો છે

સર્વોચ્ચ અદાલતે ટિપ્પણી કરી હતી કે રસ્તા પર વ્હીલ્સ(પૈડાં) આવ્યા તે પહેલાંથી મનુષ્યોએ ચાલવાનું શરૂ કર્યું હતું. કલમ ૧૯(૧)(ડી) હેઠળ હિલચાલનો પ્રાથમિક અધિકાર એ 'ચાલવાનો મૂળભૂત અધિકાર' છે, જે વ્હીલ્સ પર ચાલવાના અધિકાર કરતાં પહેલાં આવે છે અને આ કિંમતી અધિકાર સુરક્ષિત અને યોગ્ય રીતે નિર્ધારિત ફૂટપાથ સુધી વિસ્તરવો જ જોઈએ. બેંચે ભારપૂર્વક જણાવ્યું કે, નાગરિકનો નિર્ધારિત ફૂટપાથ પર ચાલવાનો મૂળભૂત અધિકાર પ્રાથમિક છે અને તેને મોટર વાહનોની અવરજવર પર પ્રાથમિક્તા મળશે.

નવી દિલ્હી, તા. ૧૯(PTI): સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા ઠરાવ્યું છે કે નિર્ધારિત ફૂટપાથ પર ચાલવાનો અધિકાર એ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે. એક ઐતિહાસિક ચુકાદામાં, દેશની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે નિર્ધારિત રસ્તાઓ પર મોટર વાહનો કરતાં આ અધિકારને પ્રાથમિકતા આપવામાં આવશે. આ અધિકાર બંધારણની કલમ ૧૯ (૧) (ડી) હેઠળ ગેરંટી આપવામાં આવેલા હિલચાલના (મુક્તપણે ફરવાના) અધિકાર અને કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) સહિતના અન્ય મૂળભૂત અધિકારોનો એક અભિન્ન ભાગ છે. જસ્ટિસ પી. એસ. નરસિમ્હા અને જસ્ટિસ એ. એસ. ચંદુરકરની બેંચે ચુકાદો આપ્યો હતો કે નિર્ધારિત ફૂટપાથ પર ચાલવાનો નાગરિકનો મૂળભૂત અધિકાર પ્રાથમિક છે અને મોટર વાહનોની અવરજવર પર તેને સર્વોપરીતા મળશે. સર્વોચ્ચ અદાલત દ્વારા આ જાહેરાત એક દુર્ભાગ્યપૂર્ણ મોટર અકસ્માત વળતરના કેસની સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી, જેમાં એક પિતાએ પોતાના પાંચ વર્ષના માસૂમ પુત્રને શાળાએ લઈ જતા સમયે માર્ગ અકસ્માતમાં ગુમાવ્યો હતો. ચાલવાનો અધિકાર એ બંધારણના ભાગ-૩ હેઠળનો મૂળભૂત અધિકાર છે.

અદાલતે વધુમાં જણાવ્યું કે નિર્ધારિત ફૂટપાથ પર ચાલવાના મૂળભૂત અધિકારની સાથે સંબંધિત ફરજ પણ જોડાયેલી છે અને જો રસ્તો અસ્તિત્વમાં છે, તો પદયાત્રીઓ માટે નિર્ધારિત અને યોગ્ય રીતે જાળવણી કરાયેલા ફૂટપાથ ઉપલબ્ધ કરાવવાની ફરજ બને છે.

## પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો ઘટાડો

નવી દિલ્હી, તા. 19: અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી થતાં વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઘટાડો નોંધાયો છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ઉર્જા શિપિંગ પુનઃ શરૂ થતાં વૈશ્વિક તણાવ ઓછો થયો છે, જેને પગલે પાકિસ્તાન સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ ઘટાડા બાદ હવે ભારતમાં પણ આગામી સમયમાં ઈંધણ સસ્તું થવાની આશા વધી ગઈ છે.

પાકિસ્તાન સરકારે શુક્રવારે પેટ્રોલમાં 74 રૂપિયા અને હાઈ-સ્પીડ ડીઝલમાં 67 રૂપિયા પ્રતિ લીટરના ઘટાડાની જાહેરાત કરી છે. આ કપાત બાદ હવે ત્યાં પેટ્રોલની નવી કિંમત 299.78 રૂપિયા અને ડીઝલની કિંમત 311.78 રૂપિયા પ્રતિ લીટર થઈ જશે. પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું કે પ્રાદેશિક આર્થિક સ્થિતિમાં સુધારા અને તેલની ઘટતી કિંમતોનો લાભ જનતા સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. તેમણે મુશ્કેલ સમયમાં સરકારને સાથ આપવા બદલ જનતાનો આભાર માન્યો હતો. વૈશ્વિક બજારમાં ઉતાર-ચઢાવને કારણે પાકિસ્તાન સરકારે હવે દર અઠવાડિયે શુક્રવારે રાત્રે તેલના ભાવની સમીક્ષા કરવાનું શરૂ કર્યું છે.

# ટ્રમ્પે મોદીને પોતાના મનપસંદ નેતા અને 'વેરી ટફ કુકી' ગણાવ્યા

**ટ્રમ્પે** બે દિવસમાં બીજી વખત પીએમ મોદીના વખાણ કરતા તેમને મજબૂત નેતા ગણાવ્યા

**ટ્રમ્પે** પોતાના મનપસંદ નેતાઓમાં જિનપિંગનું નામ પણ લીધું

વોશિંગ્ટન, તા. 19: જી-7 સમિટમાં સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યાના લગભગ 48 કલાક પછી, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર તેમના 'મિત્ર'ના ભરપૂર વખાણ કર્યા છે અને તેમને 'વેરી ટફ કુકી' (ખૂબ જ મજબૂત અને મક્કમ નેતા) ગણાવ્યા છે.

એક ઈન્ટરવ્યુમાં, જ્યારે 80 વર્ષીય રિપબ્લિકન નેતા ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ વિશ્વના કયા નેતાઓને ખાસ પસંદ કરે છે, ત્યારે તેમણે કોઈ પણ ખચકાટ વિના બે નામ લીધા ચીનના પ્રમુખ શી જિનપિંગ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

ટ્રમ્પે બંને નેતાઓ વચ્ચેનો તફાવત દર્શાવતા કહ્યું કે, શી જિનપિંગ એવા વ્યક્તિ છે જેઓ માત્ર 'પોતાના બિઝનેસ' (વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બીજી તરફ, તેમણે મોદીને 'વેરી ટફ કુકી' ગણાવી સંકેત આપ્યો કે તેઓ ભારતીય વડા પ્રધાનને રાષ્ટ્રીય હિતોને આગળ વધારવામાં અત્યંત મક્કમ અને દ્રઢ માને છે.

આ પહેલાં જી-7 સમિટમાં ટ્રમ્પે મોદીને 'દેવદૂત' (એન્જલ) જેવા સુંદર ગણાવ્યા હતા, પણ સાથે જ સ્પષ્ટ કર્યું હતું કે મોદી જેટલા સારા દેખાય છે એટલા જ તે વેપાર અને વાટાઘાટોમાં કડક અને મજબૂત છે.

નવી દિલ્હી માટે આ મુલાકાતનો સૌથી મોટો ફાયદો એ રહ્યો કે વોશિંગ્ટને ખાતરી આપી છે કે જો કોઈ ભારત પર હુમલો કરશે અથવા તેના હિતોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા ભારતની પડખે ઊભું રહેશે. ટ્રમ્પે કહ્યું, 'અમારી વચ્ચે કોઈ ઔપચારિક સંરક્ષણ કરાર નથી, પરંતુ જો ભારત પર હુમલો થશે અને મોદી નેતા હશે, તો અમે ચોક્કસપણે મદદ માટે ત્યાં હાજર રહીશું.' જી-7 શિખર સંમેલન દરમિયાન બંને નેતાઓ વચ્ચેની નિકટતા પણ જોવા મળી હતી, જ્યાં ટ્રમ્પે પોતે સીટ પરથી ઊભા થઈને પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું અને બંનેએ સત્તાવાર ગ્રુપ ફોટોગ્રાફ માટે પ્રથમ હરોળમાં સાથે પોઝ આપ્યો હતો.

## સુપ્રીમે નિમેલી અરવલ્લી સમિતિ સામે સવાલો

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): ભારતના જાણીતા વિજ્ઞાનીઓ, પર્યાવરણવિદો અને નીતિ વિષયક નિષ્ણાતોએ ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)ને પત્ર લખીને અરવલ્લી પર્વતમાળાના સીમાંકન અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિની રચના સામે સવાલો ઉઠાવ્યા છે. આ નિષ્ણાતોએ સમિતિની સ્વાયત્તતા અને સ્વતંત્રતા અંગે ચિંતા વ્યક્ત કરતા તેની રચનામાં ફેરફાર કરવાની માગ કરી છે. સુપ્રીમ કોર્ટના 25 મેના આદેશ હેઠળ બનેલી આ સમિતિનાં અધ્યક્ષ કંચન દેવી છે અને તેને 31 ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ સોંપવા જણાવાયું છે. પર્યાવરણવિદ ડૉ. રવિ ચોપરાએ પત્રમાં આશંકા વ્યક્ત કરી છે કે આ સમિતિમાં લગભગ તમામ સભ્યો સરકારી અથવા નિવૃત્ત સરકારી અધિકારીઓ હોવાથી તે વિવાદિત મુદ્દાઓ પર સ્વતંત્ર અભિપ્રાય આપી શકશે નહીં. તેમણે પોતાના ભૂતકાળના અનુભવોના આધારે કહ્યું કે સરકારી અધિકારીઓ ચર્ચા દરમિયાન વિરોધ કરતા હોવા છતાં ક્યારેય સત્તાધારી સરકારની વિરુદ્ધમાં મતદાન કરતા નથી. અન્ય એક નિષ્ણાત સાગર ધારાએ 1997ના પ્રોફેસર એમ જી કે મેનન સમિતિનું ઉદાહરણ આપીને જણાવ્યું કે, અરવલ્લીના સંરક્ષણ જેવા સંવેદનશીલ મુદ્દાઓ માટે પણ સરકારી અધિકારીઓ સિવાયના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને સ્વતંત્ર નિષ્ણાતોને સામેલ કરવા જોઈએ.


